અલકા વાય. જાધવ **ALKA Y. JADHAV**

એડવોકેટ ADVOCATE

ગુજરાત હાઈકોર્ટ GUJARAT HIGH COURT

**SANAD NO: G/299/1996**

ઓફીસ /ઘર :–હરપળેનો વાડો, ઘીકાંટા રોડ, ભદ્રકાળી માતાની પોળ, નાગરવાડા શાક માર્કેટ પાસે, રાવપુરા, વડોદરા. (M) 9974193402


================================================================

Date:28-02-2023

## NO ENCUMBRANCE CERTIFICATE

This is to certify that I, the under signed have Investigated the title of the owners **I. I. ENTERPRISE** through PROP. OF IMRANBHAI ISMAILBHAI PATEL below mention property by Perusing Revenue Records title deed relating thereto and taking necessary available search from the concerned office of sub registrar and obtain search report of sub registrar Vadodara and found that the said property is CLEAR, MARKETABLE AND FREE FROM ANY ENCUMBRANCES SUBJECT TO USUAL DECLARATION AND FINAL OUTCOME OF THE CIVIL SUIT PENDING BEFORE THE CIVIL COURT.

## SCHEDULE OF PROPERTY

R. Survey No: 483 to 487, 488/1, 488/2, T.P. Scheme No-23, Final Plot No 64,65,66 City Survey No: 468, 469, 471 to 475 Admeasuring 532.00 Sq.mt land of TOWER-D of MEENA BUNGLOWS known as MEENA HEIGHTS of Village Tandalja Dist-Sub Dist. Vadodara.

**Place: Vadodara.**

**Date :28-02-2023**

Jadhav Alka

**( ALKA Y. JADHAV )**

**Advocate.**

ALKA Y JADHAV

I I ENTERPRISE

Proprietor

અલકા વાય. જાધવ
એડવોકેટ
ગુજરાત હાઈકોર્ટ

**ALKA Y. JADHAV**
ADVOCATE
GUJARAT HIGH COURT

SANAD NO: G/299/1996

ઓફીસ /ઘર :–હરપળેનો વાડો, ઘીકાંટા રોડ, ભદ્રકાળી માતાની પોળ, નાગરવાડા શાક માર્કેટ પાસે, રાવપુરા, વડોદરા. (M) 9974193402

Date:28-02-2023

## TO WHOM SO EVER IT MAY CONCERN

I hereby solemnly declare that, I have experience of more than 25 years in land matters relating to Title to land with its search report and issuance of "ENCUMBRANCE CERTIFICATE" of land in which the owner of the land has the right/ title/ interest in the property and I also have 25 years' experience in land matters in accordance of GUJ RERA Rule.

The contents of above are True and Correct and I have concealed nothing therefrom

To,
Mr. IMRANBHAI ISMILBHAI PATEL
Prop. of I. I. ENTERPRISE
Residing at Meena Bunglows,
Near Darul Ulem Madressa,
Trndalja, Vadodara.

**Place: Vadodara.**
**Date :28-02-2023**

Jadhav Alka Y
(ALKA Y. JADHAV)
**Advocate.**

ALKA Y. JADHAV
Advocate

**ALKA Y. JADHAV**
M.Com.,LL.B.
Advocate (Guj. High Court)

**I I ENTERPRISE**
ઈમરાન ઈસ્માઈલ પટેલ
Proprietor

જિલ્લા ન્યાયાલય વડોદરા - ગુજરાત
**District Court Vadodara - Gujarat**
e-Courts Mission Mode Project

Home Abc Cou Supreme Court High Court India Code Do

Home > Services > Case Status > Case Status : Search by Case Number

# Case Status : Search by Case Number

Case Number | FIR Number | Party Name | Advocate Name | Case Code | Act | Case Type

Back

## vadodara_civil Court

### Case Details

| Case Type | Filing Number | Filing Date | Registration Number | Registration Date | CNR Number |
|---|---|---|---|---|---|
| SPCS - SPECIAL CIVIL SUIT | 240/2021 | 03-11-2021 | 240/2021 | 03-11-2021 | GJVD020459572021 |

### Case Status

| First Hearing Date | Next Hearing Date | Case Status | Stage of Case | Court Number and Judge |
|---|---|---|---|---|
| 03-November-2021 | 17-May-2023 | Pending | SUMMONS - NOTICE | 37-15th ADDL. SR. CIVIL JUDGE AND A.C.J.M. |

### Petitioner and Advocate

1) FATMABIBI D/O.DADABHAI @ DAUDBHAI VALIBHAI PATEL W/O.V.PATEL LEGAL HEIRS DADABHAI@DAUDBHAI V.PATEL
Advocate - K.N.SONI

2) LATE SHAKINABIBI D/O.DADABHAI @ DAUDBHAI W/O. HASANBHAI MUSABHAI(Legal Heir)
Advocate - B.T.PARMAR

2.1) AIYUBBHAI HASANBHAI PATEL
Advocate - K.N.SONI

2.2) MAHEBUBBHAI HASANBHAI PATEL
Advocate - K.N.SONI

2.3) SALIMBHAI HASANBHAI PATEL
Advocate - K.N.SONI

2.4) IMTIYAZBHAI HASANBHAI PATEL
Advocate - K.N.SONI

2.5) SHAHENAZ D/O. HASANBHAI MUSABHAI W/O. SIRAZBHAI PATEL
Advocate - K.N.SONI

2.6) SALEHA D/O.HASANBHAI MUSABHAI PATEL W/O. SARFARAJBHAI
Advocate - K.N.SONI

2.7) NILOFAR D/O. HASANBHAI MUSABHAI PATEL W/O. SARFARAJBHAI
Advocate - K.N.SONI

2.8) SARFARAJ HASANBHAI PATEL
Advocate - K.N.SONI

2.9) ARIF HASANBHAI PATEL
Advocate - K.N.SONI

3) IMARAN HASANBHAI PATEL
Advocate - K.N.SONI

### Respondent and Advocate

1) MUSTAK ALIBHAI PATEL LEGAL NOMMINEE OF LATE ALIBHAI DADABHAI @ DAUDBHAI PATEL

2) MAHEBUB ALIBHAI PATEL LEGAL NOMMINEE OF LATE ALIBHAI DADABHAI @ DAUDBHAI PATEL
Advocate - P.R.SHAH

3) AIYUB ALIBHAI PATEL LEGAL NOMMINEE OF LATE ALIBHAI DADABHAI @ DAUDBHAI PATEL

Advocate - P.R.SHAH

4) HASANBHAI ALIBHAI PATEL LEGAL NOMMINEE OF LATE ALIBHAI DADABHAI @ DAUDBHAI PATEL
Advocate - P.R.SHAH

5) RASHIDA ALIBHAI PATEL WIFE OF IBRAHIMBHAI BHAGUBHAI PATEL LEGAL HEIRS ALIBHAI DADABHAI @ DAUDBHAI PA
Advocate - P.R.SHAH

6) SHARIFA ALIBHAI PATEL WIFE OF SHABBIR HAJI NOMMINEE OF LATE ALIBHAI DADABHAI @ DAUDBHAI PATEL
Advocate - P.R.SHAH

7) FIROJA ALIBHAI PATEL WIFE OF MUSTAK DORI NOMMINEE OF LATE ALIBHAI DADABHAI @ DAUDBHAI PATEL
Advocate - P.R.SHAH

8) ANISHA ALIBHAI PATEL WIFE OF RAFIK MASTAR NOMMINEE OF LATE ALIBHAI DADABHAI @ DAUDBHAI PATEL
Advocate - P.R.SHAH

9) LATE ISMAILBHAI DADABHAI @ DAUDBHAI(Legal Heir)

9.1) ILYAS ISMAILBHAI PATEL
Advocate - P.R.SHAH

9.2) IMTIYAZ ISMAILBHAI PATEL

9.3) HANIF ISMAILBHAI PATEL

9.4) IMARAN ISMAILBHAI PATEL

9.5) SARFARAZ ISMAILBHAI PATEL

9.6) IRFAN ISMAILBHAI PATEL

9.7) MOHSIN ISMAILBHAI PATEL

9.8) SOHEL ISMAILBHAI PATEL

9.9) ZOHARA ISMAILBHAI PATEL WIFE OF VALIBHAI MAJUR

9.10) BILKISH ISMAILBHAI PATEL WIFE OF MAHEBUBBHAI

9.11) NAJMA ISMAILBHAI PATEL

9.12) AFAROZ ISMAILBHAI PATEL WIFE OF RASIDBHAI PATEL

9.13) MAHEJBIN ISMAILBHAI PATEL

9.14) FATMABEN ISMAILBHAI PATEL

10) LATE JENABBEN D/O. DADABHAI PATEL W/O. MAHHAMADBHAI PATEL(Legal Heir)

10.1) ARIF MAHHAMADBHAI PATEL

10.2) SAKERA D/O. MAHMMADBHAI PATEL

10.3) SALEHA D/O. MAHMMADBHAI PATEL

10.4) SAJEDA D/O. MAHMMADBHAI PATEL

10.5) SABIHA D/O. MAHMMADBHAI PATEL

11) LATE YAKUBBHAI MUSABHAI LEGAL HEIRS OF LATE BIBIBEN D/O. DADABHAI PATEL W/O. MUSABHAI(Legal Heir)

11.1) RASHIDABEN WD/O. YAKUBBHAI PATEL
Advocate - P.R.SHAH

11.2) BASHIR YAKUBBHAI PATEL

11.3) ASIF YAKUBBHAI PATEL

11.4) FARIDA YAKUBBHAI PATEL W/O. IBRAHIMBHAI PATEL

11.5) MARIYAM YAKUBBHAI PATEL W/O. MAHMMADARIF NASRULLAH

11.6) NAJMA YAKUBBHAI PATEL W/O. SHABBIR RAGHU

11.7) SALMA YAKUBBHAI PATEL W/O. SAJID DOGHA

11.8) SHABIHA YAKUBBHAI PATEL W/O. IMRAN

11.9) SHABBIR MUSABHAI PATEL

11.10) ISMAILBHAI MUSABHAI PATEL

11.11) JUBEDABEN MUSABHAI PATEL W/O. GALUBHAI

12) URIBEN D/O. DADABHAI @ DAUDBHAI PATEL W/O. MAHAMMADBHAI
Advocate - P.R.SHAH

13) HAMMAD ENTERPRISEE PROP. SARFARAJ ISMAIL PATEL
Advocate - P.R.SHAH

14) FATIMA ENTERPRISEE PROP. SOHEL ISMAIL PATEL
Advocate - P.R.SHAH

## Acts

| Under Act(s) | Under Section(s) |
|---|---|
| SPECIFIC RELIEF ACT, 1963 | 34, |

## Case History

| Registration Number | Judge | Business On Date | Hearing Date | Purpose of hearing |
|---|---|---|---|---|
| 240/2021 | 18th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 03-11-2021 | 20-11-2021 | SUMMONS - NOTICE |
| 240/2021 | 18th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 20-11-2021 | 15-12-2021 | SUMMONS - NOTICE |
| 240/2021 | 18th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 15-12-2021 | 05-01-2022 | SUMMONS - NOTICE |
| 240/2021 | 17th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 05-01-2022 | 05-02-2022 | HEARING |
| 240/2021 | 17th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 05-02-2022 | 25-02-2022 | HEARING |
| 240/2021 | 17th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 25-02-2022 | 25-03-2022 | HEARING |
| 240/2021 | 17th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 25-03-2022 | 20-04-2022 | HEARING |
| 240/2021 | 17th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 20-04-2022 | 07-05-2022 | HEARING |
| 240/2021 | 17th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 07-05-2022 | 15-06-2022 | SUMMONS - NOTICE |
| 240/2021 | 16th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 15-06-2022 | 08-08-2022 | SUMMONS - NOTICE |
| 240/2021 | 16th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 08-08-2022 | 28-09-2022 | SUMMONS - NOTICE |
| 240/2021 | 16th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 28-09-2022 | 09-11-2022 | SUMMONS - NOTICE |
| 240/2021 | 16th ADDL. SR. CIVIL | 09-11-2022 | 28-12-2022 | SUMMONS - |

| Registration Number | Judge | Business On Date | Hearing Date | Purpose of hearing |
|---|---|---|---|---|
| | JUDGE & A.C.J.M. | | | NOTICE |
| 240/2021 | 16th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 28-12-2022 | 18-01-2023 | SUMMONS - NOTICE |
| 240/2021 | 16th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. | 18-01-2023 | 15-02-2023 | SUMMONS - NOTICE |
| 240/2021 | 15th ADDL. SR. CIVIL JUDGE AND A.C.J.M. | 15-02-2023 | 29-03-2023 | SUMMONS - NOTICE |
| 240/2021 | 15th ADDL. SR. CIVIL JUDGE AND A.C.J.M. | 29-03-2023 | 17-05-2023 | SUMMONS - NOTICE |

Back

Feedback / Website Policies / Contact Us / Help / Disclaimer

Content Owned by District Court, Vadodara
Developed and hosted by National Informatics Centre, Ministry of Electronics & Information Technology, Government of India

Last Updated: **Apr 19, 2023**

GJVD02-045957-2021

No. 2

vadodara civil Court

IN THE COURT OF R.B.Solanki

18th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M., , VADODARA.

SPCS/240/2021

FAT[illegible]BI D/O.DADABHAI @ DAUDBHAI V[illegible]BHAI PATEL W/O.V.PATEL LEGAL H[illegible]RS DADABHAI@DAUDBHAI V.PATEL Vs MUSTAK ALIBHAI PATEL LEGAL [illegible]OMMINEE OF LATE ALIBHAI DADABHAI @ DAUDBHAI PATEL

NEXT DATE : 20-11-2021

## SUMMONS FOR SETTLEMENT OF ISSUES

(O. 5, R. 1, 5.)

To,

URIBEN D/O. DADABHAI @ DAUDBHAI PATEL W/O. MAHAMMADBHAI
ASHIYANAGAR, TANDALJA, VADODARA.

Whereas **FATMABIBI D/O.DADABHAI @ DAUDBHAI VALIBHAI PATEL W/O.V.PATEL LEGAL HEIRS DADABHAI@DAUDBHAI V.PATEL** has instituted a suit against you for you are hereby summoned to appear in this Court in person, or by a pleader duly instructed, and able to answer all material questions relating to the suit, or who shall be accompanied by some persons able to answer all such questions, on the **20-11-2021** at **11:00 o'clock in the forenoon,** to answer the claim; and further you are hereby directed to file on that day a written statement of your defence and to produce on the said day all documents in your possession or power upon which you base your defence or claim for set-off or counter-claim, and where you rely on any other document whether in your possession or power or not, as evidence in support of your defence or claim for set-off or counter-claim, you shall enter such documents in a list to be annexed to the written statement.

Take notice that, in default of your appearance on the day before mentioned, the suit will be heard and determined in your absence.

Given under my hand and the seal of the Court, this 03-11-2021

18th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M.

*Notice*.— 1. Should you apprehend your witnesses will not attend of their own accord, you can have a summons from this Court to compel the attendance of any witness, and the production of any document that you have a right to call on the witness to produce, on applying to the Court and on depositing the necessary expenses.

2. If you admit the claim, you should pay the money into Court together with the costs of the suit, to avoid execution of the decree, which may be against your person or property, or both.

3૯

સ્પે.મુ.નં. ૨૪૭ /૨૦૨૧

મે. વડોદરાના સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં.

| વાદીઓ | ઉ.વ.આ. | ધંધો. |
|---|---|---|
| મૈ. દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ વલીભાઈ પટેલના | | |
| વારસદારો : | | |
| (૧) ફાતમાબીબી તે દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ | ૭૨ | ઘરકામ |
| વલીભાઈ પટેલની દિકરી તથા | | |
| અબ્દુલભાઈના પત્નિના કુલમુખત્યાર | | |
| લિયાકતભાઈ અબ્દુલભાઈ પટેલ | પુખ્ત | વેપાર |
| રહે. સરપંચની ચાલી, બસ સ્ટોપ પાસે, | | |
| તાંદલજા, વડોદરા. | | |
| (૨) મૈ. શકીનાબીબી દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ | | |
| ની દિકરી તે હસનભાઈ મુસાભાઈની પત્નિા વારસો | | |
| (૨/૧)ઐયુબભાઈ હસનભાઈ પટેલ | પુખ્ત | ખેતી |
| રહે. સોદાગરપાર્ક, તાંદલજા, વડોદરા. | | |

(૨/૨)મહેબુબભાઈ હસનભાઈ પટેલ પુખ્ત ખેતી

રહે. સરપંચની ચાલી, તાંદલજા બસસ્ટેન્ડ, વડોદરા.

(૨/૩)સલીમભાઈ હસનભાઈ પટેલ પુખ્ત મજુરી

રહે. નવીનગરી, મસ્જીદ પાસે, તાંદલજા, વડોદરા.

(૨/૪)ઈમ્તિયાઝભાઈ હસનભાઈ પટેલ પુખ્ત વેપાર

રહે. નવીનગરી, મસ્જીદ પાસે, તાંદલજા, વડોદરા.

(૨/૫)શહેનાઝ હસનભાઈ મુસાભાઈની દિકરી તે પુખ્ત ઘરકામ

તે સિરાઝ પટેલની પત્નિ,

રહે. હાલ વ્હોરવાડ, ગામ માસર, માસર રોડ,

તા. જી. ભરૂચ.

(૨/૬)સાલેહા હસનભાઈ મુસાભાઈ પટેલની દિકરી તે ૩૦ ઘરકામ

રહે. આશિયાનાનગર, નવીનગરી પાસે,

વાસણા રોડ, તાંદલજા, તા. જી. વડોદરા.

(૨/૭) નિલોફર હસનભાઈ મુસાભાઈ પટેલની દિકરી

તે સરફરાજભાઈની પત્નિ ૨૮ ઘરકામ

રહે. ડી/૧૯, અમજદ પાર્ક, તાંદલજા રોડ,વડોદરા.

(૨/૮) સરફરાજ હસનભાઈ પટેલ ૩૫ મજુરી

રહે. મસ્જીદની બાજુમાં, આશીયાનાનગર,

તાંદલજા, વડોદરા.

(૨/૯) આરીફ હસનભાઈ પટેલ ૪૫ વેપાર

રહે. બી/૯૦,તઈફનગર, તાંદલજા, તા. જી. વડોદરા.

(૩) ઈમરાન હસનભાઈ પટેલ પુખ્ત ખેતી

રહે. નવીનગરી, આશીયાનાનગર-૩૬,

તાંદલજા, વડોદરા.

નં.૩ પોતે તથા નં.૧, ૨/૧ થી ૨/૯ તમામના કુલમુખત્યાર.

**વિરૂદ્ધ**

**પ્રતિવાદીઓ**

મૈ. અલીભાઈ દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ પટેલના વારસો :

(૧) મુસ્તાક અલીભાઈ પટેલ પુખ્ત

રહે. ઈ/૫૫, અલહમ્દ પાર્ક, તાંદલજા બસસ્ટેન્ડ સામે,

તાંદલજા, વડોદરા.

(૨) મહેબુબ અલીભાઈ પટેલ પુખ્ત

રહે. સરપંચવાળુ ફળીયુ, તાંદલજા ગામ, વડોદરા.

(૩) ઐયુબ અલીભાઈ પટેલ પુખ્ત

રહે.૫૦૧, અકસા એવેન્યુ, બસસ્ટેન્ડ પાસે,

તાંદલજા ગામ, વડોદરા.

(૪) હસનભાઈ અલીભાઈ પટેલ પુખ્ત

રહે. સી-૧/૨, શાહબાઝપાર્ક સોદાગર પાર્ક સામે,

તાંદલજા, વડોદરા.

(૫) રશીદા અલીભાઈ પટેલ તે ઈબ્રાહીમભાઈ ભગુભાઈ પુખ્ત ઘરકામ

પટેલની પત્નિ, રહે. અલહમ્દ પાર્ક,

તાંદલજા બસ સ્ટેન્ડ સામે, તાંદલજા, વડોદરા.

(૬) શરીફા અલીભાઈ પટેલ તે શબ્બીર હાજીની પત્નિ પુખ્ત ઘરકામ

રહે. સનરાઈઝ સોસાયટી, સ્ટેશન રોડ, જંબુસર.

તા.જંબુસર, જી. ભરૂચ.

(૭) ફીરોજા અલીભાઈ પટેલ તે મુસ્તાક દોરીની પત્નિ પુખ્ત ઘરકામ

રહે. શબાના પાર્ક, તાંદલજા,વડોદરા.

(૮) અનીશા અલીભાઈ પટેલ તે રફીક માસ્તરની પત્નિ પુખ્ત ઘરકામ

રહે. દેવલા ગામ, તા.જંબુસર, જી. ભરૂચ.

(૯) મૈ. ઈસ્માઈલભાઈ દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈના વારસોઃ

(૯/૧) ઈલ્યાસ ઈસ્માઈલભાઈ પટેલ પુખ્ત

(૯/૨) ઈમ્તિયાઝ ઈસ્માઈલભાઈ પટેલ પુખ્ત

(૯/૩) હનીફ ઈસ્માઈલભાઈ પટેલ પુખ્ત

(૯/૪) ઈમરાન ઈસ્માઈલભાઈ પટેલ પુખ્ત

(૯/૫) સરફરાઝ ઈસ્માઈલભાઈ પટફેલ પુખ્ત

(૯/૬) ઈરફાન ઈસ્માઈલભાઈ પટેલ પુખ્ત

(૯/૭) મોહસીન ઈસ્માઈલભાઈ પટેલ પુખ્ત

તમામ રહે. મકાન નં.૬, મીના બંગલોઝ,

દાઉલઉલુમની સામે, તાંદલજા, વડોદરા.

(૯/૮) સોહેલ ઇસ્માઈલભાઈ પટેલ પુખ્ત

રહે. તાંદલજા ગામ, સરપંચવાળુ ફળીયુ, વડોદરા.

(૯/૯) ઝોહરા ઈસ્માઈલભાઈ પટેલ તે વલીભાઈ મજુરની પુખ્ત

પત્નિ

રહે. દેવલા, તા.જંબુસર, જી. ભરૂચ.

(૯/૧૦)બિલ્કીશ ઈસ્માઈલભાઈ પટેલ તે મહેબુબભાઈની પત્નિ, પુખ્ત

(૯/૧૧)નજમા ઈસ્માઈલભાઈ પટેલ પુખ્ત

(૯/૧૨)અફરોજા ઈસ્માઈલભાઈ પટેલ તે રસીદભાઈ પટેલની પત્નિ પુખ્ત ઘરકામ

(૯/૧૩)મહેજબીન ઈસ્માઈલભાઈ પટેલ પુખ્ત ઘરકામ

(૯/૧૪)ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ પુખ્ત ઘરકામ

તમામ રહે. સરપંચવાળુ ફળીયુ,

તાંદલજા ગામ, તા. જી. વડોદરા.

(૧૦)મૈ. જેનબબેન દાદાભાઈ પટેલની દિકરી તે

મહંમદભાઈ પટેલની પત્નિના વારસો :

(૧૦/૧)આરીફ મહંમદભાઈ પટેલ પુખ્ત

(૧૦/૨) સાકેરા મહંમદભાઈ પટેલની પુત્રી પુખ્ત

(૧૦/૩) સાલેહા મહંમદભાઈ પટેલની પુત્રી પુખ્ત

(૧૦/૪)સાજેદા મહંમદભાઈ પટેલની પુત્રી પુખ્ત

(૧૦/૫) સબીહા મહંમદભાઈ પટેલની પુત્રી પુખ્ત

તમામ રહે. સગરામપુરા, ટપાલી મંડપની સામે,

તલાવડી, સુરત.

(૧૧) મૈ. બીબીબેન દાદાભાઈ પટેલની દિકરી તે

મુસાભાઈની પત્નિના વારસઃ

મૈ. યાકુબભાઈ મુસાભાઈના વારસદારો :

(૧૧/૧) રશીદાબેન તે યાકુબભાઈ પટેલની વિધવા પુખ્ત ઘરકામ

(૧૧/૨) બશીર યાકુબભાઈ પટેલ પુખ્ત

(૧૧/૩) આસીફ યાકુબભાઈ પટેલ પુખ્ત

(૧૧/૪) ફરીદા યાકુબભાઈ પટેલ તે ઈબ્રાહીમભાઈ પટેલ

ની પત્નિ પુખ્ત ઘરકામ

(૧૧/૫) મરીયમ યાકુબભાઈ પટેલ તે પુખ્ત ઘરકામ

મહંમદઆરીફ નસરુલ્લાહની પત્નિ

(૧૧/૬) નજમા યાકુબભાઈ પટેલ તે પુખ્ત ઘરકામ

શબ્બીર રઘુની પત્નિ

(૧૧/૭) સલમા યાકુબભાઈ પટેલ તે પુખ્ત ઘરકામ

સાજીદ ડોઘાની પત્નિ

(૧૧/૮) શબીહા યાકુબભાઈ પટેલ તે ઈમરાનની પત્નિ પુખ્ત ઘરકામ

તમામ રહે. સરપંચવાળુ ફળીયુ, તાંદલજા,વડોદરા

(૧૧/૯) શબ્બીર મુસાભાઈ પટેલ પુખ્ત

રહે. ગુલીસ્તાન બંગલો, તાંદલજા, વડોદરા.

(૧૧/૧૦)ઈસ્માઈલભાઈ મુસાભાઈ પટેલ પુખ્ત

રહે. કોઠીયાપુરા, તાંદલજા, વડોદરા.

(૧૧/૧૧) જુબેદાબેન મુસાભાઈ પટેલ તે ગુલભાઈની પત્નિ પુખ્ત ઘરકામ

રહે.

(૧૨) ઉરીબેન તે દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ પટેલની

પુત્રી તે મહંમદભાઈની પત્નિ પુખ્ત ઘરકામ

રહે. આશીયાનાનગર, તાંદલજા, વડોદરા.

(૧૩) હમ્માદ એન્ટરપ્રાઈઝ ના પ્રોપ્રાયટર

સરફરાજ ઈસ્માઈલ પટેલ પુખ્ત વેપાર

એ/૮૪, મીના બંગલોઝ, તાંદલજા રોડ, વડોદરા.

(૧૩) ફાતીમા એન્ટરપ્રાઈઝ ના પ્રોપ્રાયટર

સોહેલ ઈસ્માઈલ પટેલ પુખ્ત વેપાર


એ/૬૪, મીના બંગલોઝ, તાંદલજા રોડ, વડોદરા.

વિષય : દાવો રૂ.૫૯,૮૪,૭૦૦/- ના આંકથી તા.૬/૬/૨૦૧૫ ના રોજનો રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૮૦૫૬ તથા રૂ.૪૨,૦૦,૦૦૦/- નો રજી.વહેંચણીનો લેખ તા.૧૭/૧૨/૨૦૨૦ અનુ.નં.૧૫૯૨૪ **તથા અન્ય વેચાણ દસ્તાવેજો, બિનઅવેજી ફારગતી લેખો રદબાતલ,નિરર્થક અને બિનઅમલીય ઠેરવવા બાબત તથા વિભાજન કરી હિસ્સો મેળવવા અને એડમીનીસ્ટ્રેશન મેળવવા, હકક સ્થાપન, જ્ઞાપન અને કાયમી તાકીદ મેળવવા માટે.**

અમો વાદીઓ આ કામના પ્રતિવાદીઓ વિરૂદ્ધ હાલનો દાવો કરીએ છીએ જેની તપસીલ નીચે મુજબ છે :

(૧) અમો વાદીઓ ઉપરોકત જણાવેલા સરનામે રહીએ છીએ. અમો વાદીઓ મૈ. દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ વલીભાઈ પટેલના વારસદારો છીએ તેમજ પ્રતિવાદીઓ પણ તેઓના વારસદારો છે. મૈ. દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ વલીભાઈ પટેલ તા.૩૧/૧૨/૧૯૬૮ ના રોજ મૈયત થયેલા. તેઓનું પેઢીનામુ નીચે જણાવ્યા મુજબ છે.

## મૈ. દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ વલીભાઈ પટેલ મૈ.તા.૩૧/૧૨/૧૯૬૮




આમ, ઉપર મુજબ અમો વાદીઓ તથા પ્રતિવાદીઓના વડીલનું પેઢીનામુ છે.

(૨) અમો વાદી નં.૧ ના પિતા અને વાદી નં.૨ ના નાના(દાદા) દાદાભાઈ વલીભાઈ પટેલ તા.૩૦/૧૨/૧૯૬૮ ના રોજ ગુજરી ગયેલા ત્યારે મોજે ગામ તાંદલજામાં તેમના નામે રેવેન્યુ સર્વે / બ્લોક નં.૨૮, ૩૦૭, ૩૦૮, ૪૭૧, ૪૭૫, ૪૮૦, ૪૮૧, ૪૮૨, ૪૮૩, ૪૮૪, ૪૮૮/૧, ૪૮૮/૨, ૪૮૬, ૪૮૭, ૩૦૬, ૪૭૨, અને ૪૭૩ વાળી જમીનો તેમના નામે ચાલતી હતી. તેઓ તા.૩૦/૧૨/૧૯૬૮ ના રોજ અવસાન પામેલા ત્યારે વારસાઈથી અલીભાઈ

દાદાભાઈ તથા અસમાલભાઈ ઉર્ફે ઈસ્માઈલભાઈ દાદાભાઈના નામે રેવેન્યુ રેકર્ડમાં નોંધ નં.૯૮૫ થી તા.૩૧/૧૨/૧૯૬૮ ના રોજ વારસાઈ કરેલી છે. જે તે સમયે અમો વાદી નં.૧ તથા અમારા બહેન શકીનાબેનના નામ તેમજ મૈ. દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ વલીભાઈના તમામ વારસદારોના નામો રેવેન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલા નહી પરંતુ, મુસ્લિમ શરીયતના કાનૂન મુજબ દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ વલીભાઈના સીધી લીટીના તમામ વારસદારોનો તેમાં વણવહેંચાયેલો હીસ્સો સમાયેલો હતો તેથી અમો વાદીઓ મૈયત દાદાભાઈના સીધી લીટીના વારસદારો તરીકે તે મિલકતોમાં અમારો હીસ્સો મેળવવા હકકદાર છીએ અને માત્ર બે જ વારસદારોના નામો રેવેન્યુ રેકર્ડમાં ચઢાવવા માત્રથી અમારો હકક હીસ્સો જતો રહેતો નથી તેમજ રેવેન્યુ રેકર્ડ એ માલીકીનો પુરાવો નથી. રેવેન્યુ રેકર્ડમાં કોઈપણ વ્યકિતનું નામ ન ચઢવાથી અગર નીકળી જવાથી તેનો હકક જતો રહેતો નથી અને નામદાર સિવિલ કોર્ટને તે બાબતમાં માલીકીનો પ્રશ્ન નકકી કરવાની સત્તા રહેલી છે.

અમો વાદી નં.૧ ના પિતા દાદાભાઈ ગુજરી જતાં ફકત અમારા ભાઈઓના નામે આ જમીન રેવેન્યુ રેકર્ડમાં દાખલ થયેલી ત્યારપછી અમો વાદી નં.૧ તથા અમારા બહેન શકીનાબેનની જાણ બહાર અમો વાદીના ભાઈ અલીભાઈ અને અસમાલભાઈ ઉર્ફે ઈસ્માઈલભાઈનાઓએ આ જમીનની અંદરોઅંદર વહેંચણી કરેલી જેની રેવેન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં.૧૦૮૫ થી તા.૧૬/૬/૭૧ ના રોજ કરવામાં આવેલી તે વહેંચણ પણ અમો વાદી નં.૧ તથા નં.૨ ને કોઈ હીસ્સો મળેલ નથી અને આ વહેંચણી અમો વાદીઓની જાણ બહાર ખોટી રીતે કરવામાં આવેલી અને તે વહેંચણીના ત્રણ હીસ્સા કરવામાં આવેલા અને તે નીચે મુજબ છે.

| અલીભાઈ દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ | અસ્માલભાઈ ઉર્ફે ઈસ્માઈલભાઈ દાદાભાઈ | આયશાબેન દાદાભાઈ ઉર્ફે દાદાભાઈ |
|---|---|---|
| રે.સ.નં./બ્લોક નં. | રે.સ.નં./બ્લોક નં. | રે.સ.નં./બ્લોક નં. |
| ૪૮૦, ૪૮૧, ૪૮૨, ૪૭૫, ૪૭૩, ૪૭૨ | ૪૭૧, ૪૮૪, ૪૮૩, ૪૮૬, ૪૮૭, ૪૮૮/૧, ૪૮૮/૨ | ૩૦૬, ૩૦૭, ૩૦૮ |

આમ, અમો વાદીઓના ભાઈ તથા અમારા માતૃશ્રી વચ્ચે ઉપર મુજબની વહેંચણી કરવામાં આવેલી જેની ફેરફાર નોંધ નં.૧૦૮૫ ની તા.૧૬/૬/૭૧ ના રોજ કરવામાં આવેલી. આ વહેંચણીમાં પણ અમો વાદીઓને કોઈપણ પ્રકારનો ભાગ આપવામાં આવેલો નહી અને અમારી પીઠ પાછળ આવી ખોટી વહેંચણી કરવામાં આવેલી. ત્યાર પછી અલીભાઈ દાદાભાઈએ તેઓની હયાતીમાં તેમના હીસ્સાની મિલકતો મૌખિક બક્ષીસલેખથી તેમના વારસદારોના નામે આપેલી જેની ફેરફાર નોંધ નં.૧૧૩૪ થી તા.૧૯/૯/૭૪ ના રોજ કરવામાં આવેલી. તેવી જ રીતે વિલ આધારે અલીભાઈ દાદાભાઈ તા.૨૦/૧૦/૭૭ ના રોજ ગુજરી જતાં તેમના વારસદારોએ ફેરફાર નોંધ નં.૧૧૩૭ થી તા.૨/૩/૭૮ ના રોજ તેમના નામે વિલ આધારે વારસાઈ કરાવેલી. આ જમીનના રેવેન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં.૩૩૬૭ થી અસમાલભાઈ દાદાભાઈના ખાતે ચાલે છે આ જમીનો તેમની વડીલોપાર્જિત છે પરંતુ ખરેખર તેઓનું નામ ઈસ્માઈલભાઈ દાદાભાઈ છે અને આ બન્ને નામો એક જ વ્યકિતના છે તેવી નોંધ તા.૧૬/૧૧/૨૦૦૫ ના રોજ કરવામાં આવેલી. તેમજ અમો વાદીના માતૃશ્રીને વહેંચણમાં મળેલી સર્વે નં.૩૦૬, ૩૦૭ અને ૩૦૮ વાળી જમીનો અમો વાદીના માતૃશ્રી આશીબેન તા.૭/૮/૮૬ ના રોજ મૈયત થયેલા ત્યારે તેમના વિલ આધારે નોંધ નં.૧૭૫૭ થી પાડવામાં આવેલી પરંતુ, આ જમીનો ફકત અમો વાદી નં.૧ તથા અમારી બહેનોના ફકત નામો દાખલ કરેલા પરંતુ તેના વેચાણની તમામ કાર્યવાહીઓ અને નાણાં પણ અમો વાદીઓના ભાઈઓએ લીધેલા છે અને તે કાર્યવાહીઓ અને વેચાણ કરારો કરવા માટે અમારા ભાઈઓએ અબ્દુલલતીફ એહમદ પટેલ નામની તેમની પરિચિત વ્યકિતને કુલમુખત્યાર પત્ર આધારે કરેલા છે તેમાંથી અમો વાદીઓને કોઈપણ ભાગ મળેલો નથી અને તેમાં પ્લોટો પણ અમોએ વેચાણ લીધેલા છે અને તે વેચાણનો અવેજ પણ અમારી પાસેથી લીધેલો છે. આમ, તે જમીનોનો તમામ અવેજ પણ અમો વાદીઓના ભાઈઓ લઈ ગયેલા છે અને આ જે હિસ્સો હતો તે અમો વાદીઓના માતૃશ્રીનો હતો. તેથી અમો વાદીઓના ભાઈઓને જે જમીનો પ્રાપ્ત થયેલી છે તેમાં અમો વાદીનો વણવહેંચાયેલો હીસ્સો સમાયેલો છે અને અમારા ભાઈઓ હયાત હતા ત્યારે તેમણે આ જમીનમાંથી અમોને અમારો હીસ્સો

આપવાનું જણાવેલ હતું પરંતુ, અમારા ભાઈઓ ગુજરી ગયા પછી તેમના વારસદારો પાસેથી અમોને અમારા હીસ્સા અંગેની જમીનની માંગણી કરતાં તેઓએ અમોને જણાવેલ કે, તમે કોર્ટ રાહે તમારો ભાગ મેળવી લેશો, અમે આ જમીનો વેચી દેવાના છીએ. અમો વાદીઓએ કયારેય પણ અમારી મિલકતોમાંથી અમારી રાજીખુશીથી અમારો હીસ્સો જતો કરેલો નથી તેથી પણ મુસ્લિમ શરીયત મુજબ આ જમીનોમાં અમારો હકક હીસ્સો સમાયેલો છે.

<u>દાવા વિષયવાળી જમીનો</u>

(૧) હાલમાં આ દાવાવાળી જમીનો પૈકી મોજે ગામ તાંદલજા, તા. જી. વડોદરાના રે.સ./બ્લોક નં.૪૭૨ અને ૪૭૩ વાળી ખુલ્લી જમીનમાં ટી.પી. ફાયનલ પ્લોટ નં.૫૯ જે ટી.પી.સ્કીમ નં.૨૩, તાંદલજામાં છે તેનું ટી.પી. ફાયનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ ૯૫૦૪.૦૦ ચો.મી. અને રેવેન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૦.૫૧.૬૦ અને ૦.૭૪.૮૭ હે.આરે.ચો.મી. છે. જે જમીન હાલમાં ખુલ્લી છે અને તે જમીનો અમો વાદીના ભાઈ અલીભાઈ દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈના વારસોના નામે ચાલે છે જે આ કામના પ્રતિવાદી નં.૧ થી ૮ ના નામે ચાલે છે.

(૨) તેમજ મોજે ગામ તાંદલજા, તા. જી. વડોદરાના રે.સ.નં. ૪૮૩ થી ૪૮૮/૧ , ૪૮૮/૨ જેનો ટી.પી. ફાયનલ પ્લોટ નં.૬૪+૬૫+૬૬ છે જેના સીટી સર્વે નં.૪૬૮, ૪૬૯, ૪૭૧, ૪૭૨, ૪૭૩, ૪૭૪ અને ૪૭૫ છે. જે જમીનો પૈકી મીના બંગલોઝ નામની યોજનાના ટાવર બી. તથા ટાવર એફ. માં સમાવેશ થતાં પ્લોટ નં.એ/૧૧૮, એ/૧૧૭, એ/૧૨૬, એ/૧૦૭, એ-૨/૧૨૪,એ-૨/૧૨૫,એ/૧૦૬ વાળી મિલકતો ઈસ્માઈલભાઈ દાદાભાઈએ તેમની હયાતીમાં તેમના વારસદારો પ્રતિવાદી નં.૯/૫ તથા ૯/૮ નાઓને તા.૬/૬/૨૦૧૫ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૮૦૫૬ થી વેચાણ આપેલી અને ત્યારબાદ તેમના બે દિકરા સોહેલભાઈ ઈસ્માઈલભાઈ અને સરફરાજ ઈસ્માઈલભાઈ પટેલનાઓએ તા.૧૭/૧૨/૨૦૨૦ ના રોજ અનુ.નં. ૧૫૯૨૪ ના રજી. વહેંચણી લેખ કરેલો છે તે વહેંચણી લેખમાં પણ

આ મિલકતો વડીલોપાર્જિત મિલકતો છે તેવો ઉલ્લેખ કરેલો છે. આ જમીનો અંગે વહેંચણી કરતાં પ્રતિવાદી નં.૯/૫ સરફરાજભાઈ ઈસ્માઈલભાઈના હીસ્સામાં "મીના બંગલોઝ" નામની આવાસ યોજનાના ટાવર-એફ. જેનું ક્ષેત્રફળ ૩૦૮.૯૦ ચો.મી છે જેની ચતુ:સીમા નીચે મુજબ છે.

પૂર્વે : મીના બંગલોઝ સોસાયટીનો ટાવર જી. આવેલ છે.

પશ્ચિમે : મીના બંગલોઝ સોસાયટીનો ટાવર ઈ. આવેલ છે.

ઉત્તરે : મીના બંગલોઝ સોસાયટીનો ટાવર સી. આવેલ છે.

દક્ષિણે : ૭.૫૦ મીટરનો રોડ આવેલ છે.

(૩) તેમજ તેવી રીતે આ જમીનો અંગે વહેંચણી કરતાં પ્રતિવાદી નં.૯/૮ સોહેલ ઈસ્માઈલભાઈના હીસ્સામાં "મીના બંગલોઝ" નામની આવાસ યોજનાના ટાવર-બી. જેનું ક્ષેત્રફળ ૪૮૯.૦૫ ચો.મી છે જેની ચતુ:સીમા નીચે મુજબ છે.

પૂર્વે : મીના બંગલોઝ સોસાયટીનો ટાવર એ. આવેલ છે.

પશ્ચિમે : મીના બંગલોઝ સોસાયટીનો ટાવર સી. આવેલ છે.

ઉત્તરે : ૧૨.૦૦ મીટરનો રોડ આવેલ છે.

દક્ષિણે : મીના બંગલોઝ સોસાયટીનો ટાવર જી. આવેલ છે.

(૪) તેમજ મોજે ગામ તાંદલજા, તા. જી. વડોદરાના રે.સ.નં. ૪૮૩ થી ૪૮૮/૧ ૪૮૮/૨ જેનો ટી.પી. ફાયનલ પ્લોટ નં.૬૪+૬૫+૬૬ છે જેના સીટી સર્વે નં.૪૬૮, ૪૬૯, ૪૭૧, ૪૭૨, ૪૭૩, ૪૭૪ અને ૪૭૫ છે. જે જમીનો પૈકી મીના બંગલોઝ નામની યોજનાના નીચે જણાવ્યા મુજબના પ્લોટોનું વેચાણ થયેલ છે.

| પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | વેચાણ દસ્તાવેજ તારીખ અને નંબર | વેચાણ આપનાર | વેચાણ રાખનાર |
|---|---|---|---|---|
| એ/૧/૯૩ | ૯૭.૦૦ | ૬/૬/૨૦૧૫, ૮૦૫૯ | ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલ | સોહેલ ઈસ્માઈલભાઈ પટેલ |
| એ/૧૧૬, એ/૧૧૫, એ/૧૪૪, એ/૧૦૯, એ/૨/૧૨૭, એ/૨/૧૨૮, એ/૧૦૮ ટાવર સી. તથા જી. | ૭૯૭.૯૫ | ૩૧/૧૨/૨૦૧૫, ૧૭૧૩૯ | ઈસ્માઈલભાઈ દાદાભાઈના કુ.મુ. ગુલામઅહેમદ અબ્બાસભાઈ મલેક | મોહસીન ઈસ્માઈલ પટેલ વિગેરે |
| એ/૫ | ૧૦૯.૧૨ | ૬/૬/૨૦૧૫, ૮૦૪૬ | ઈસ્માઈલભાઈ દાદાભાઈ | સરફરાજ ઈસ્માઈલ પટેલ |
| એ/૧૦૪ | ૧૦૯.૯૩ | ૧૬/૧૦/૨૦૧૭, ૧૬૮૮૯ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ | સોહેલ ઈસ્માઈલભાઈ પટેલ |
| એ/૧૦૫ | ૧૮૧.૩૭ | ૧૩/૧૦/૨૦૧૭, ૧૬૭૩૧ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ | સોહેલ ઈસ્માઈલભાઈ પટેલ |
| એ/૨/૧૩૧, એ/૨/૧૩૦, એ/૨/૧૨૯, એ/૨/૧૦૪, એ/૧/૧૧૨, એ/૧/૧૧૩, એ/૧૦૫ ટાવર ડી. અને એચ. | ૭૮૨.૫૨ | ૧૬/૫/૨૦૧૫, ૭૦૩૦ | ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલ | ઈમરાન ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. |
| એ/૬૪ | ૧૧૭.૩૬ | ૬/૬/૨૦૧૫, ૮૦૬૦ | ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલ | સોહેલ ઈસ્માઈલભાઈ પટેલ |
| એ/૯૮ | ૧૦૨.૭૫ | ૬/૬/૨૦૧૫, ૮૦૪૭ | ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલ | સરફરાજ ઈસ્માઈલભાઈ |
| એ/૮૪ | ૧૦૫.૮૬ | ૬/૬/૨૦૧૫, ૮૦૪૮ | ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલ | સરફરાજ ઈસ્માઈલભાઈ પટેલ |

| ૧૪ | | | | |
|---|---|---|---|---|
| એ/૭૭ | ૧૦૨.૨૪ | ૬/૬/૨૦૧૫, ૮૦૪૫ | ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલ | સરફરાજ ઈસ્માઈલભાઈ પટેલ |

(૪) તેમજ મોજે ગામ તાંદલજા, તા. જી. વડોદરાના રે.સ.નં. ૪૮૩ થી ૪૮૮/૧ , ૪૮૮/૨ જેનો ટી.પી. ફાયનલ પ્લોટ નં.૬૪+૬૫+૬૬ છે જેના સીટી સર્વે નં.૪૬૮, ૪૬૯, ૪૭૧, ૪૭૨, ૪૭૩, ૪૭૪ અને ૪૭૫ છે. જે જમીનો પૈકી મીના બંગલોઝ નામની યોજનાના નીચે જણાવ્યા મુજબના પ્લોટોમાથી બિનઅવેજી હકક કમી કર્યા અંગેના ફારગતી લેખો કરવામાં આવેલા છે.

| પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | તારીખ અને નંબર | લખી આપનાર | લખાવી લેનાર |
|---|---|---|---|---|
| એ/૧૦૧ | ૯૩.૭૫ | ૩૦/૪/૨૦૧૬ ૬૬૭૧ | ઈલ્યાસ ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | મોહસીનઈસ્માઈલભાઈ પટેલ |
| એ/૧૦૪, એ/૧૨, એ/૧૩ | ૧૦૯.૯૩ ૧૨૫.૭૫ ૧૨૫.૭૫ | ૩૦/૪/૨૦૧૬ ૬૬૭૨ | ઈલ્યાસ ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | ફાતમાબેન ઈસ્માઈલ પટેલ |
| મીના બંગલોઝ ટાવર ઈ. | ૩૫૦.૭૬ | ૬/૧/૨૦૧૮, ૩૪૮ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | ઈમ્તિયાઝ ઈસ્માઈલ પટેલ વિગેરે.૨ |
| મીના બંગલોઝ ટાવર એ. | ૪૭૩.૪૫ | ૬/૧/૨૦૧૮, ૩૪૭ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | ઈમ્તિયાઝ ઈસ્માઈલ પટેલ વિગેરે.૨ |
| એ/૬૫ | ૧૬૫.૩૯ | ૬/૧/૨૦૧૮, ૩૩૯ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | ઈલિયાસ ઈસ્માઈલ પટેલ |
| એ/૬ | | ૬/૧/૨૦૧૮, ૩૪૬ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | ઈમ્તિયાઝ ઈસ્માઈલ પટેલ |
| એ/૬૬ | ૧૦૦.૬૬ | ૬/૧/૨૦૧૮, ૩૪૦ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | ઈલ્યાસ ઈસ્માઈલ પટેલ |
| એ/૬૭ | ૯૯.૭૭ | ૬/૧/૨૦૧૮, ૩૪૧ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | ઈલ્યાસ ઈસ્માઈલ પટેલ |

| ૧૫ | | | | |
|---|---|---|---|---|
| એ/૬૮ | ૯૯.૨૫ | ૬/૧/૨૦૧૮, ૩૪૩ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | ઈમ્તિયાઝ ઈસ્માઈલ પટેલ |
| એ/૬૯ | ૯૯.૨૫ | ૬/૧/૨૦૧૮, ૩૪૪ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | ઈમ્તિયાઝ ઈસ્માઈલ પટેલ |
| એ/૭૦ | ૯૯.૨૫ | ૬/૧/૨૦૧૮, ૩૪૫ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | ઈમ્તિયાઝ ઈસ્માઈલ પટેલ |
| એ/૪ | ૧૦૯.૨૪ | ૬/૧/૨૦૧૮, ૩૪૨ | ફાતમાબેન ઈસ્માઈલભાઈ પટેલ વિગેરે. | ઈલ્યાસ ઈસ્માઈલ પટેલ |

આમ, આ ઉપરોક્ત જણાવેલી સ્થાવર મિલકતો હાલની દાવાવાળી વિષયવસ્તુ છે.

(૩) ઉપરોકત જણાવેલી દાવાવાળી જમીનો પૈકી ટાવર-એફ. જેમાં મીના હાઈટસ નામની સ્કીમ હમ્માદ એન્ટરપ્રાઈઝના પ્રોપ્રાયટર તરીકે પ્રતિવાદી નં.૯/૫ નાએ સ્કીમ મુકેલી છે અને તેમાં વડોદરા મહાનગર સેવા સદનમાંથી બાંધકામ રજાચીઠ્ઠી નં.વોર્ડ-૧૧/એપાર્ટમેન્ટ/૧૦૪/૨૦૨૦-૨૧ તા.૪/૧૧/૨૦૨૦ ના રોજ નકશાઓ મંજુર કરાવેલા છે તે નકશામાં બાંધકામ કરવાવાળા પ્લોટ નં.એ/૧૦૩ અને એ/૧૦૪ વાળા પ્લોટ ઉપર ટાવર એફ બાંધી રહેલા છે તેવો નકશો મંજુર કરાવેલ છે અને રેરામાંથી પરવાનગી લીધેલી છે. જ્યારે આ ટાવર એફ. મીના બંગલોઝના ટાવર બી અને એફ યોજનાના પ્લોટોના વેચાણ દસ્તાવેજ ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલે તા.૬/૬/૨૦૧૫ ના રોજ અનુ.નં.૮૦૫૬ થી કરી આપેલો છે તેમાં આ પ્લોટનો ઉલ્લેખ નથી અને પ્રતિવાદી નં.૯/૫ નાએ આ મિલકત તેમના પિતાએ વેચાણથી આપેલ છે અને ત્યારપછી પ્રતિવાદી નં.૯/૫ અને ૯/૮ નાએ વહેંચણી કરી આ મીના બંગલોઝના પ્લોટો વહેંચી લીધા છે પરંતુ તે વહેંચણીમાં દર્શાવેલા પ્લોટો અને મંજુર કરાવેલ નકશામાં જે પ્લોટોની બાંધકામ પરવાનગી મેળવેલી છે તે બન્ને અલગ અલગ છે.

(૪) તેવી જ રીતે ઉપરોકત જણાવેલી દાવાવાળી જમીનો પૈકી ટાવર-બી. જેમાં મીના હાઈટસ નામની સ્કીમ ફાતીમા એન્ટરપ્રાઈઝના પ્રોપ્રાયટર તરીકે પ્રતિવાદી નં.૯/૮ નાએ સ્કીમ મુકેલી છે અને તેમાં વડોદરા મહાનગર સેવા સદનમાંથી બાંધકામ રજાચીઠ્ઠી નં.વોર્ડ-૧૧/એપાર્ટમેન્ટ/૧૦૪/૨૦-૨૧ તા.૪/૧૧/૨૦૨૦ ના રોજ નકશાઓ મંજુર કરાવેલા છે તે નકશામાં બાંધકામ કરવાવાળા પ્લોટ નં.એ/૭૭, એ/૮૪ અને એ/૯૩ વાળા પ્લોટ ઉપર ટાવર બી બાંધી રહેલા છે તેવો નકશો મંજુર કરાવેલ છે અને રેરામાંથી પરવાનગી લીધેલી છે. જ્યારે આ ટાવર બી અને એફ યોજનાના પ્લોટોના બી. મીના બંગલોઝનો વેચાણ દસ્તાવેજ ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલે તા.૬/૬/૨૦૧૫ ના રોજ અનુ.નં.૮૦૫૬ થી કરી આપેલો છે તેમાં આ પ્લોટનો ઉલ્લેખ નથી અને પ્રતિવાદી નં.૯/૫ નાએ આ મિલકત તેમના પિતાએ વેચાણથી આપેલ છે તેવી રીતે આ બન્ને ટાવરની જમીનના ટાઈટલ મેળવેલ છે અને જે પ્લોટો ઉપર બાંધકામની પરવાનગી મેળવેલ છે તે પ્લોટોનું ક્ષેત્રફળ અને પરવાનગીવાળા પ્લોટનું ક્ષેત્રફળ તેમજ ટાવરનું ક્ષેત્રફળ અલગ અલગ પડે છે.

(૫) અમો વાદીઓને અમારા ભાઈઓ હયાત હતા ત્યારે આ દાવાવાળી મિલકતોમાં અમો વાદીઓને હિસ્સો આપશે તેવું વારંવાર જણાવતાં હતા તેથી અમો વાદીઓએ અમારા ભાઈઓ ઉપર વિશ્વાસ રાખી કોઈ કાનૂની કાર્યવાહી કરેલી નહી અને તેમ છતાં અમો વાદીઓના ભાઈઓએ જે દસ્તાવેજો કરેલા છે અને તે પૈકી તેમના બે દિકરા પ્રતિવાદી નં.૯/૫ અને ૯/૮ સોહેલ અને સરફરાજભાઈને તે મિલકતોમાં અમોને અમારો હીસ્સો આપશે તેમ જણાવતા હતા અને તેઓના અવસાન બાદ તેમના વારસદારો પ્રતિવાદી નં.૯/૫ અને ૯/૮ નાઓએ અમો વાદીઓને કોઈપણ હીસ્સો આપવા માગતા નથી. અમો વાદીઓ મુસ્લિમ શરીયત કાનૂન મુજબ દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ વલીભાઈ પટેલના વારસદારો હોઈ તેમાં અમારો વણવહેંચાયેલો હીસ્સો છે તે તેઓને જણાવતાં તેઓએ અમોને ના પાડેલી તેથી અમો વાદીઓએ દારૂલ ઈફતા, જામિઅહ

ઉલુમુલ કુર્આન જંબુસર, જી. ભરૂચ પાસેથી ફતવો તા.૨૧/૨/૨૦૨૧ ના રોજ મેળવેલો અને જેમાં દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ વલીભાઈ પટેલના વારસોની વહેંચણી મુસ્લિમ શરીયત મુજબ કોને કેટલો હીસ્સો મળે તે મુજબનો અભિપ્રાય આપેલો અને તે અમોએ પ્રતિવાદીઓને બતાવવા છતાં પ્રતિવાદીઓઆ ફતવાને પણ માનેલા નહી જેથી અમોએ તેઓને જણાવેલ કે, તમો અન્ય કોઈ સંસ્થા પાસેથી બન્ને ભેગા મળી મુસ્લિમ શરીયત મુજબ અભિપ્રાય મેળવી લઈએ પરંતુ તેઓએ અમોને ચોખ્ખી ના પાડેલી તેથી અમારે નાછૂટકે હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂદ્ધ કરવાની ફરજ પડેલી છે.

(૬) અમો વાદીના ભાઈ ઈસ્માઈલભાઈ દાદાભાઈએ તેઓની હયાતીમાં દાવાવાળી રે.સ.નં.૪૮૩, ૪૮૪, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮/૧ અને ૪૮૮//૨ વાળી મિલકતમાં આવેલ “મીના બંગલોઝ” નામની સ્કીમના અલગ અલગ પ્લોટો કરી તે પ્લોટોમાં અંદરોઅંદર વેચાણ દસ્તાવેજો કરેલા છે અને મકાનો છે અને જે ખુલ્લી જમીન હતી તેમાં અમોને ભાગ આપવાનું નકકી કરેલ હતું તે મિલકત અંગે પ્રતિવાદી નં.૯/૫ અને ૯/૮ નાઓએ અંદરોઅંદર તેમના પિતા પાસેથી જે દસ્તાવેજો આધારે તેમને મિલકતો પ્રાપ્ત થયેલી તે અંગેનો રજી. વહેંચણી લેખ તા.૧૬/૧૨/૨૦૨૦ ના રોજ કરી આ મિલકતોમાં મીના બંગલોઝ નામની યોજનાના ટાવર બી. અને ટાવર એફ. હમદ એન્ટરપ્રાઈઝ અને ફાતીમા એન્ટરપ્રાઈઝના નામે કરી જે જમીન અમોને આપવા માટે અમારા ભાઈએ જણાવેલ તે જમીન ઉપર બાંધકામ કરી વેચાણ કરવા ફરી રહેલા છે. તેવી જ રીતે પ્રતિવાદી નં.૧ થી ૮ નાઓ મોજે ગામ તાંદલજાના રે.સ.નં.૪૭૨ અને ૪૭૩ જેનો ટી.પી. ફાયનલ પ્લોટ નં.૫૯ છે તે જમીનમાં અમારો વણવહેંચાયેલો હીસ્સો સમાયેલો છે તેમાં પણ અમો વાદીઓનો ભાગ છે તે અમો વાદીઓને પ્રતિવાદી નં.૧ થી ૮ ના પિતાએ આપવાનું જણાવેલું પરંતુ, હાલમાં પ્રતિવાદી નં.૧ થી ૮ નાઓ તે મિલકત તેમના નામે થઈ ગયેલી હોઈ અમોને તેમાંથી પણ ભાગ આપવા માટે તૈયાર નથી.

(૭) અમો વાદીને પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનોમાં અમારો વણવહેચાયેલો હીસ્સો હોવા છતાં અમોને અમારો ભાગ આપવા માટે તૈયાર થયેલા નહી તેથી અમોએ રેવેન્યુ રેકર્ડમાં જે જમીનો હાલમાં ખુલ્લી છે તેમજ હાલમાં અમો વાદીના ભાઈઓના વારસદારોના નામે ચાલે છે તે જમીન પુરતો રેવેન્યુ રેકર્ડની નોંધો રદ્દ કરી તે મિલકતોમાં અમારા નામો દાખલ કરાવવા માટે આર.ટી.એસ. અપીલ વિલંબ માફી અરજ સાથે કરેલી અને અમો વાદીના પિતાની વારસાઈ નોંધ નં. ૯૮૫ માં અમારું નામ દાખલ થયેલ નહી તેથી અમોને કોઈ ભાગ મળેલ નહી તેથી તે નોંધ રદ કરાવવા માટે નાયબ કલેકટરશ્રી, વડોદરા સમક્ષ અપીલ કરેલી પરંતુ, તે અપીલ વિલંબના કારણે અમારી અપીલ મંજુર કરેલી નહી. અમો વાદીને ફકત હાલમાં અમો વાદીના ભાઈઓના વારસોના નામે ચાલતી મિલકતો અને જેમાં પ્રતિવાદી નં.૧ થી ૮ ના નામે જે ખુલ્લી જમીન ચાલે છે તથા પ્રતિવાદી નં.૯/૫ અને ૯/૮ ના મીના બંગલોઝ ટાવર બી. અને એફ. વાળી મિલકતમાં અમારો હીસ્સો સમાયેલો છે અને બાકીની જમીનો ડેવલપ થઈ ગયેલી હોઈ તે અંગે કોઈ દાદ માગતા નથી અને જેમાં વર્ષો અગાઉ બાંધકામ થઈ ગયેલ છે અને ઘણાં લોકો રહેવા આવી ગયેલા છે જેથી હાલમાં ફકત જે જમીન ખુલ્લી છે અને જેમાં બાંધકામ થયેલ છે તે મિલકતોમાંથી હીસ્સો મેળવવા માટે હાલનો દાવો કરીએ છીએ અને વિભાજનની દાદ ફકત કુટુંબના સભ્યો ઉપર જ થઈ શકે, જ્યારે અન્ય મિલકતો ત્રાહિત ઈસમોના નામે થઈ ગયેલી હોઈ તેમની સામે વિભાજનની દાદ માગી શકાય તેમ નથી અને હાલમાં અમારા ભાઈઓના સંતાનોના નામે જે મિલકતો ચાલે છે તેમાં વડીલોપાર્જિત મુસ્લિમ શરીયત પ્રમાણે અમારો હીસ્સો સમાયેલો છે તે માટે દાવો કરવા અમો હકકદાર છે અને તે મિલકતોમાં અમો વાદીના ભાઈઓના વારસદારોના નામે ચાલે છે. તે જમીનોમાં અમારો વણવહેંચાયેલો હીસ્સો સમાયેલો છે તેમાં હીસ્સો મેળવવા તથા તેમાં થયેલ વિભાજનો અને દસ્તાવેજો બંધનકર્તા નથી તેવું જાહેર કરાવી લેવા હાલનો દાવો કરીએ છીએ.

(૮) અમો વાદીઓએ દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ વલીભાઈના વારસદારો હોઈ તેઓ જ્યારે ગુજરી ગયેલા ત્યારે તેમની મિલકતોમાંથી મુસ્લિમ શરીયત કાનૂન મુજબ હિસ્સો મેળવવા હકકદાર હતા પરંતુ, અમારા ભાઈઓએ તેમના નામો દાખલ કરાવેલા તેથી અમોને કોઈ હીસ્સો મળેલ નથી. તેમજ અમારા માતૃશ્રીને વહેંચણમાં મિલકત મળેલી તે મિલકતોનો વહીવટ પણ અમોએ કરેલ નથી અને બારોબાર અમારા કુલમુખત્યાર પત્ર આધારે તે મિલકતો વેચાઈ ગયેલી છે. આમ, અમોને વહેંચણમાં કોઈ મિલકત મળેલ નથી જે સ્પષ્ટ થાય છે. તેથી દાવાવાળી મિલકતોમાં અમારો મુસ્લિમ શરીયત મુજબ હીસ્સો સમાયેલો છે.

(૯) અમો વાદીનો પ્રથમ દર્શનીય કેસ ઘણો જ મજબુત છે. દાવાવાળી મિલકતો પ્રતિવાદીઓની સ્વપાર્જિત મિલકતો નથી અને વડીલોપાર્જિત છે અને મુસ્લિમ શરીયત મુજબ અમો દિકરીઓ તથા તેમના વારસદારો હોઈ અમારો હીસ્સો સમાયેલો છે. વાદીઓની જાણ બહાર દાવાવાળી જમીનની કોઈપણ પ્રકારની વહેંચણી કર્યા વગર રેવેન્યુ રેકર્ડમાંથી ખોટા હુકમો આધારે અમો વાદીઓના નામો દાખલ કરાવેલા નથી અને તે આધારે અમો વાદીઓના ભાઈઓના વારસદારોએ દાવાવાળી મિલકતોના માલિક હોય તે રીતે ખોટી વહેંચણ કરી વેચાણ દસ્તાવેજો કરી વાદીઓનો કાયદેસરનો હકક ડૂબાડવાનો પ્રયત્ન કરેલ છે અને તેમાં મહદ્ અંશે પ્રતિવાદીઓ સફળ રહેલા છે. જેથી અમો વાદીઓનો કેસ પ્રથમ દર્શનીય મજબુત છે.

(૧૦) બેલેન્સ ઓફ કન્વીનીઅન્સં પણ અમો વાદીના લાભમાં છે. દાવાના અંતે હુકમનામુ અમો વાદીઓના લાભમાં થાય તેમ છે.

(૧૧) અમો વાદીઓને માગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં નહી આવે તો અમો વાદીઓને અપરિહાર્ય નુકશાન થશે જેનું મુલ્યાંકન નાણામાં આંકી શકાશે

નહી તેથી ન્યાય, સમન્યાયની દૃષ્ટિએ પણ મનાઈહુકમ આપવો જરૂરી અને ન્યાયી છે.

(૧૨)**દાવાનું કારણ ::-**

આ દાવાનું કારણ અમો વાદીઓના પિતા ગુજરી ગયેલા અને ત્યારે અમારા ભાઈઓએ માત્ર તેમનું નામ દાખલ કરાવેલુ અને તે સમયે અમોને અમારો હીસ્સો આપી દેવા જણાવતા હતા ત્યાર પછી તેમાં વહેંચણી કરી અમો વાદીને કોઈ હીસ્સો આપેલો નહી તેમજ ત્યારપછી પોતાના જ વારસદારોને અંદરોઅંદર દસ્તાવેજો કરી અને તેમના વારસદારોએ અંદરોઅંદર વહેંચણી કરી મિલકતો ડેવલપ કરવાનુ શરૂ કરેલ ત્યારે અમો વાદીઓએ અમારો દાવાવાળી મિલકતોમાં વણવહેંચાયેલો હીસ્સો સમાયેલો છે અને દાવાવાળી મિલકતો અમો વાદીઓના પિતાની છે તેમ જણાવતાં પ્રતિવાદીઓએ અમોને કોર્ટ રાહે ભાગ મેળવી લેવા જણાવ્યું ત્યારે અમો વાદીઓએ અમારા પિતાની વારસાઈ નોંધમાં અમારા ભાઈઓના નામો દાખલ થયેલા તે રેવેન્યુ રેકર્ડની નોંધ પડકારતા વિલંબ માફના કારણે નામંજુર થયેલી પરંતુ તે હુકમમાં સીવીલ કોર્ટ રાહે દાદ મેળવવા અમો હકકદાર છે તેમ જણાવતાં હાલના દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે અને રેવેન્યુ રેકર્ડ એ માલીકીનો પુરાવો નથી. માલીકીનો પ્રશ્ન માત્ર સીવીલ કોર્ટ નકકી કરે તેથી રેવેન્યુ અધિકારીને માલીકી હકક નકકી કરવાની સત્તા નથી અને રેવેન્યુ અધિકારીએ નામદાર સીવીલ કોર્ટના હુકમ મુજબ પાલન કરવાનું રહે છે તેવી અમોને કાયદાકીય સલાહ મળતાં હાલના દાવાનું કારણ આપ નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

તેમજ અમો વાદીઓએ રેવેન્યુ રેકર્ડમાં નોંધ બાબતમાં આર.ટી.એસ. અપીલ નં.૧૬/૨૧ ની ડેપ્યુટી કલેકટરશ્રી અને પ્રાંત સાહેબ, વડોદરા સમક્ષ ઉપસ્થિત કરેલી તે કામે સને ૨૦૨૧ ની સાલમાં પ્રથમ વખત પ્રતિવાદીઓએ અમો વાદીના હિસ્સા બાબતમાં તકરાર લીધેલી ત્યારે પ્રથમ વખત અમો વાદીને દાવાવાળી મિલકતોમાંથી બેદખલ કરેલા છે તેની જાણ થયેલી. તેથી અમોને પ્રથમ વખત દાવાવાળી મિલકતમાંથી બેદખલ કર્યા છે તેની માહીતી પ્રાપ્ત થતાં

લીમીટેશન એકટના આર્ટીકલ-૧૧૦ ની જોગવાઈ મુજબ આ દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

(૧૩)**દાવાની આકારણી અને કોર્ટ ફીઝ ::-**

અમો વાદીઓએ હાલનો દાવો દાવાવાળી મિલકતો પ્રતિવાદી નં.૯/૫ તેમજ ૯/૮ ને અમો વાદીના ભાઈએ તા.૬/૬/૨૦૧૫ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ રૂા.૫૯,૮૪,૭૦૦/- નો રજી.નં.૮૦૫૬ નો કરી આપ્યો ત્યારે તથા પ્રતિવાદી નં.૯/૫ અને ૯/૮ નાઓએ રજી.વહેંચણી લેખ જે મિલકતની વેલ્યુએશન રૂા.૪૨,૦૦,૦૦૦/- ની નકકી કરેલી છે. આમ, આ બન્ને દસ્તાવેજોની રકમ રૂા.૧,૦૧,૮૪,૭૦૦/- ની ગણી તેમજ અન્ય વેચાણ દસ્તાવેજો તથા થયેલ વહેંચણી તેમજ બિનઅવેજી ફારગતી લેખો રદબાતલ, નિરર્થક ઠરાવી લઈ દાવાવાળી મિલકતોનું વિભાજન કરી અમારો હિસ્સો મેળવવા તેમજ થયેલા દસ્તાવેજો રદ્દબાતલ ઠરાવવા માટે દાવાનો આંક રૂા.૧,૦૦,૦૦,૦૦૦/- કરેલો છે. જેના ઉપર ગુજરાત કોર્ટ ફીઝ એકટ ની કલમ ૬ (૯) મુજબ મહત્તમ કોર્ટ ફીઝ રૂા.૭૫,૦૦૦/- નો કોર્ટ ફીઝ સ્ટેમ્પ આપેલો છે.

(૧૪)**દાવાની હકુમત ::-**

દાવાવાળી જમીન નામદાર કોર્ટની હકુમતમાં આવેલી છે અને બન્ને પક્ષકારો નામદાર કોર્ટની હકુમતમાં રહેતા હોઈ નામદાર કોર્ટને હાલનો દાવો ચલાવવા માટે હકુમત છે.

(૧૫)દાવામાં જરૂર પડે જરૂરી સુધારો વધારો કરવાનો હકક કાયમ રાખી હાલનો દાવો કરેલો છે.

(૧૬) અમો વાદીઓના કબજામાં જે જે દસ્તાવેજો હતા તેવા તમામ દસ્તાવેજો આ સાથે લીસ્ટ ઓફ ડોકયુમેન્ટસથી રજુ કરેલા છે.

(૧૭)<u>સબબ દાદ માંગવાની કે ::-</u>

(૧) અમો વાદીઓનો મુસ્લિમ શરીયત મુજબ મૈ. દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈ વલીભાઈની મિલકતોમાં હીસ્સો સમાયેલો છે તેવું જાહેર કરી આપશો અને દાવા અરજના પેરેગ્રાફ નં. ૨ માં વર્ણન કરેલી જમીનો/પ્લોટો તથા ખુલ્લા પ્લોટોનું વિભાજન થઈ શકે અને જે મિલકતો પ્રતિવાદીઓ તેમના વારસદારોના નામે ચાલતી હોય તેટલી મિલકતોનું વિભાજન અને વહીવટનું હુકમનામુ અમો વાદીઓની તરફેણમાં કરી આપવા મે.કરશો.

(૨) અમો વાદીઓના વણવહેંચાયેલા હીસ્સા વિરૂદ્ધમાં દાદાભાઈ ઉર્ફે દાઉદભાઈના વારસોએ અંદરોઅંદર કરેલી વહેંચણીઓ, કરારો, રજી. વેચાણ દસ્તાવેજો તથા ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલે કરી આપેલા વેચાણ દસ્તાવેજો દાવા અરજના પેરા નં.૨ માં જણાવેલ છે તે તમામે તમામ વેચાણ દસ્તાવેજો, તેમજ ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલના વારસદારોએ કરી આપેલા બિનઅવેજી ફારગતી લેખો અમો વાદીઓને બંધનકર્તા નથી અને તેથી તે તમામ વાદીઓના મુસ્લિમ શરીયતના હકક વિરૂદ્ધના હોઈ મૂળથી જ રદબાતલ, નિરર્થક અને બિનઅમલીય છે તેવું જાહેર કરી આપશો.

(૩) દાવાવાળી જમીનો/મિલકતો/પ્લોટોમાંથી અમો વાદીઓને અમારો વણ વહેંચાયેલો હીસ્સો પ્રતિવાદીઓ પાસેથી વિભાજનનું હુકમનામુ કરી આપવા મે.કરશો.

(૪) દાવાવાળી જમીનો/મિલકતો/પ્લોટો પ્રતિવાદીઓ જાતે પરજાતે કે તેમના મળતીયા ઈસમો મારફતે કોઈપણ વ્યકતી ઈસમ કે સંસ્થા ને બાનાખત, કોઈપણ કરાર, ગીરો, બક્ષીસ, વેચાણ કે ઈતર કોઈપણ રીતે દાવાવાળી જમીન તબદીલ કરે કરાવે નહી તેમજ તેમાં કોઈપણ પ્રકારનું કાચું કે પાકું બાંધકામ કરે કરાવે નહી કે તેવી મિલકતો ઉપર

કોઈપણ બોજો ઉપસ્થિત કરે કરાવે નહી તેમજ તેમ કરવા કોઈ હકક અધીકાર નથી તેવું જ્ઞાપન કરી આપી, કાયમી તાકીદ ફરમાવશો તેવી કાયમી તાકીદ પ્રતિવાદીઓને ફરમાવશો.

(૫) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવશો. તેમજ,

(૬) આ સિવાય આપ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી અને તેટલી ન્યાયની હરકોઈ દાદ અપાવશો.

તા. /૧૧/૨૦૨૧

વડોદરા.

---------------------------------

વાદીઓના કુલમુખત્યાર તથા વાદી
નં.૩. પોતે.

## પ્રતિજ્ઞાલેખ

આથી અમો વાદીઓ આ પ્રતિજ્ઞાલેખ કરી જાહેર કરીએ છીએ કે સદરહુ દાવા અરજમાં અમોએ જણાવેલી તમામ વિગતો તથા હકીકતો અમારી જાતમાહીતી મુજબ સાચી છે.

તા. /૧૧/૨૦૨૧

વડોદરા.

---------------------------------

વાદીઓના કુલમુખત્યાર તથા વાદી
નં.૩. પોતે.

વાદીઓ તર્ફે એડવોકેટ

## સોગંદનામુ

અમો **લિયાકતભાઈ અબ્દુલભાઈ પટેલ**, ઉ.વ.આ.પુખ્ત,ધંધો.ખેતી,રહે. સરપંચ ની ચાલી, બસ સ્ટોપ પાસે, તાંદલજા, વડોદરાના તે અમારા ધર્મના સોગંદ પર

જાહેર કરીએ છીએ કે,અમો આ કામના વાદી નં.૧ ના કુલમુખત્યાર છીએ તેમજ તમામ વાદીઓના કુલમુખત્યાર છીએ. અમોએ ઉપરોકત દાવા અરજમાં અમોએ જણાવેલી તમામ વિગતો તથા હકીકતો અમારી જાતમાહીતીની હોઈ તે અમારા માનવા તથા જાણવા મુજબ સાચી હોઈ ધર્મના સોગંદ પર જાહેર કરી છે.

તા. /૧૧/૨૦૨૧

વડોદરા.

-----------------------------------

સોગંદનામુ કરનારને અમો ઓળખીએ છીએ.

એડવોકેટ